|| સનાતન પરમો ધર્મ ||
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર
સોસીયલ મિડીયા
પ્રચાર પ્રસાર
જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email: office@sanatandharmpatrika.com Web: www.sanatandharmpatrika.com

● સં.૨૦૭૮ ● કારતક વદ-૧૨ ● તા.૦૧-૧૨-૨૧ ● બુધવાર SDP NO:591 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

માંડવી તાલુકાની રત્નાપર ગ્રામ પંચાયત સમરસ

ચૂંટણી આવે ને ઉમેદવારી ની હરીફાઈ થાય તેના બદલે આદર્શ ગામ એ જ કે સમરસતા દાખવી સાથે રહી પંચાયત ની રચના કરવી.

આવું કાર્ય હાલ ની રાજકીય સમિતિએપણ ઠેર ઠેર પ્રારંભ કરેલ હશે.

સરપંચ
મહેન્દ્રભાઈ રામાણી

ઉપ સરપંચ
મગનભાઈ ભીમાણી

તેમજ સામાજિક માળખામાં રહેતા કે કિસાન સંઘ ના આદરણીય નેતૃત્વ ચૂંટણી તળે ને આદર્શ ગામ બને તેવા પ્રયાસ આદરવા વિન્નતી છે.

આવુજ ઉત્તમ કાર્ય અન્ય ગામ માં પણ જાહેર થશે જ પણ રત્નાપર ગામ સમરસ જાહેર થયું છે..

જેના સરપંચ તરીકે મહેન્દ્રભાઈ શાંતિલાલ રામાણી તેમજ ઉપસરપંચ મગનભાઈ જીવરાજ ભીમાણી સહિતના આઠ સભ્યો ધરાવતી રત્નાપર ગ્રામ પંચાયત ગામ લોકોના પ્રયાસોથી સમરસ કરવામાં આવેલ છે.

માંડવી તાલુકાના રત્નાપર ગામે આવેલ પાટીદાર સમાજ વાળી ખાતે સમગ્ર ગામના આગેવાનો તેમજ વિવિધ સમાજોના અગ્રણીઓની ઉપસ્થિત મા બેઠક બોલાવવામાં આવી હતી.

જેમાં રત્નાપર ગ્રામ પંચાયત સમરસ જાહેર કરવામાં આવી હતી.

પંચાયતના સરપંચ વોડે નંબર એક ના મહેન્દ્રભાઈ શાંતિલાલ રામાણી ઉપસરપંચ તરીકે વોર્ડ નંબર ચારના

મગનભાઈ જીવરાજ ભીમાણી તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. વિધિવત રીતે તારીખ-૦૧/૧૨/૨૦૨૧ ના ફોર્મ રજૂ કરવામાં આવશે.

આ બેઠકમાં તમામ સમાજ જેમાં સમાજના પ્રમુખ શ્રી અરજણભાઈ નાકરાણી મંત્રી મગનભાઈ રામજીયાણી મંડળ ના પ્રમુખ શ્રી ભાસ્કરભાઈ મંત્રી શ્રી હષેદ ભીમાણી તેમજ મહિલા મંડળ અને ગામના આગેવાનો અને યુવાનો સહિતના પ્રયાસો થી રત્નાપર ગ્રામ પંચાયત સમરસ જાહેર કરવામાં આવેલ ...ટીમ યુવાસંઘ પૂર્વ કચ્છ રિજીયન વતીથી ખુબ ખુબ અભિનંદન

જીતેશ રતનશીભાઈ હળપાણી
પ્રવકતા પૂર્વ કચ્છ રિજીયન.
રત્નાપર તા માંડવી

સરહદી ગામડાની મુલાકાતે યુવાસંઘ પશ્ચિમ કચ્છ રિઝિયન.

સરહદી ગામડાની મુલાકાતે યુવાસંઘ પશ્ચિમ કચ્છ રિઝિયન. મારો છેવાડા નો ભાઈ એકલતા મહેસુસ ન કરે અને હમેશા અગ્રેસર રહે એ હેતુથી.

પાટીદારો ઓછા ને પ્રોપર્ટીઓ જાજી..

લખપત વિસ્તારના સમય જતાં સમુદ્ધ ગામડાઓમાં પાટીદારોની વસ્તી ધીમીધારે ઘસાતી ગઈ..! જમીન માફક પાણી રહ્યા નહિ , અને રહ્યા તો એરંડા જેવા પાકો લઈ શકાય એ પૂરતા જ..! કેમ કે પાણીના તળિયાએ ૫૫૦ ઉડા ગયા અને ધંધાકીય સ્કોપ બીજા રહ્યા નહિ એમા વડીલો સમય જતાં માઈગ્રેશન કર્યું. આમ પણ કુદરતનો નિયમ છે કે માઈગ્રેશન માણસની પ્રગતિનો મોટો ભાગ છે.

લખપત તાલુકાના સરહદી ગામોમાં દયાપર સેન્ટર અને આસપાસના ગામડાઓમાં હજુ એ પાટીદારોની વસ્તી તો છે જ , પણ પહેલા કરતા ૧ ભાગની. આજે આ સરહદી ગામડાઓમાં બહાર રહેતા પાટીદારોની સ્થાનિક મોટા પાયે ખેતી , ઘર , પ્લોટ વગેરે જેવી કિંમતી પ્રોપર્ટીઓ છે. પણ સદનસીબે ખાલીખમ પડ્યું છે. દર વર્ષે આ પાટીદાર ના ગામડાઓમાં એકાદ - બે પરિવાર ઓછા થતા જાય છે અને આમને આમ ધીમીધારે વસ્તી ઘસાતી જાય છે..આ સરહદી ગામમાં રહેલ પ્રોપર્ટી અંગે અત્યારથી જાગવાની જરૂર છે.

સતર્કતા જરૂરી...

યુવાસંઘ પશ્ચિમ કચ્છ રિઝિયન અને તેમાંય બે ડીવીઝનોમાં નારાયણ ડિવિઝન અને કેશરા પરમેશ્વરા ડિવિઝન. કેશરા પરમેશ્વરા ડિવિઝનોમાં આવતા સરહદી ગામડાઓમાં જાગૃતિ અર્થે તેમજ સામાજીક ક્ષેત્રે યુવા હૃદય સમાજ પ્રત્યે સજાગ રહે તે હેતુથી યુવાસંઘ પશ્ચિમ કચ્છ રિઝિયન તારીખ ૨૯/૧૧/૨૦૨૧ ના રાત્રે સંપર્ક યાત્રા કરી હતી..

કોટડા પ્રકરણમાં ૩૦/૧૧/૨૦૨૧ ના સવારે ૧૦.૦૦ કલાકે કલેકટર શ્રી ને આવેદનપત્ર આપવામાં જે રેલી યોજાવાની હતી તેમાં બહોળી સંખ્યામાં છેવાડા ના ગામનો પાટીદાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે તે અર્થે લોક સંપર્ક કરેલ...

૧૫ થી ૨૫ ગામડાઓના પાટીદાર ભાઈઓ ઉપસ્થિત રહેલ..

યુવાસંઘ પશ્ચિમ કચ્છ રિઝિયનનું કેશરા પરમેશ્વરા ડિવિઝન ના ગામડાઓમાં નેત્રા, વીગોડી ,રસલીયા , રવાપર , ઘડાણી , હરિપર , દયાપર ,ખોમ્ભડી , વાલકા , નાની વિરાણી , સિયોત , દોલતપર , પાનેલી , ઘડુલી વગેરે ગામના યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા..

સરહદી ગામ ના પાટીદારો એ દિલાસો આપ્યો હતો કે અમને જ્યારે સમાજ અને યુવાસંઘ હાદ કરશે ત્યારે અમે ચોક્કસ હાજરા હજુર હશુજ..

પ્રમુખ સેવક શાંતિલાલ નાયાણી સાથે જોશીલી ટીમ..

યુવાસંઘ પશ્ચિમ કચ્છ રિઝિયન તેની કામગીરી પુરજોશમાં ચાલુ કરી દીધી છે..કારણે ઈશ્વરે પ્રમુખ સેવક શાંતિલાલભાઈ ને હાઈ hpનું એન્જીન આપ્યું છે. ગમે એટલો ભાર નાખો ભાઈ દબાય એમ જ નથી..મારો છેવાડાનો ભાઈ એકલતા મહેશુંશ ન કરે અને હંમેશા અગ્રેસર રહે એ હેતું થી ટીમ દયાપર મધ્યે પોહચી..

પ્રમુખ સેવક શાંતિલાલ નાયાણી સાથે , પૂર્વ પ્રમુખશ્રી શૈલેષભાઇ પોકાર , મંત્રી શ્રી રાજેશભાઈ સાંખલા , સહ મંત્રીશ્રી તુલશીભાઈ લીબાણી , ખજાનચી શ્રી પ્રકાશભાઈ ભીમાણી , સહ ખજાનચી વિજય સાંખલા , PRO મનોજ વાઘાણી , નારાયણ ડિવિઝન પ્રમુખશ્રી નવીનભાઈ પોકાર ઉપ પ્રમુખશ્રી હસમુખભાઈ પારશિયા, મંત્રીશ્રી નીતિનભાઈ ભાદાણી, કેશરા પરમેશ્વરા ડિવિઝન પ્રમુખશ્રી કિશોરભાઈ સાંખલા તેમજ મંત્રી શ્રી ભાવિન લીબાણી તેમજ અજા રિઝિયન pdo નવીનભાઈ ભાવાણી વગેરે હોદેદારો જોડાયા હતા..

માતાના મઢ મંદિરે ૪ મિનિટ ચમત્કારી લાભ.

લોક સંપર્ક બાદ પાછા ફરતી વખતે યોગાનુંયોગ રાત્રે ૮.૨૬ થતી હતી અને મંદિર ને વધાવાનો ટાઈમ ૮.૩૦ છે. કુદરતે મા ના ધામ પોહતા એ ૪ મિનિટના ચમત્કારિક દર્શનનો લાભ પણ મળ્યો હતો.

મનોજ વાઘાણી - નાના અંગીયા
PRO. યુવાસંઘ પશ્ચિમ કચ્છ રિઝિયન..

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

સ્વ.એડ. રમેશભાઈ બાબુભાઈ ધોળું ગામઃનાગલપર(નખત્રાણા)
ઉમર વર્ષ :૪૯ સ્વર્ગવાસ : ૨૬-૧૧-૨૦૨૧

કુદરત નો કારમો પ્રહાર કે, પહાડ જેવા ભાઈ બંધ ખોવા પડે છે,
કમનસીબી એવી કે, મનગમતા માણસ ને હવે ચિત્રમાં જોવા પડે છે,
ભાઈબંધ ગુમાવ્યાની વ્યથા શબ્દોમાં સમાતી નથી,
તેજસ્વી પુણ્યાત્મા ને ભગવાન લક્ષ્મી-નારાયણ તથા માં ઉમિયા
શાંતી આપે એવી પ્રાર્થના.

ડૉ , શાંતિલાલ એમ. સેંઘાણી (MBBS)
અનુરાધા એસ.સેંઘાણી
ડૉ.અર્પિત એસ.સેંઘાણી(BDS)
મોનીકા એ.સેંઘાણી

સેઘાણી કોમ્પ્લેક્સ, વથાણ ચોક, નખત્રાણા-કચ્છ.૩૭૦ ૬૧૫

બેંગલોર માં ભાજપ ઉપાધ્યક્ષ નું સ્વાગત અને કોટડા હુમલા બાબતે રજુઆત

બેંગલોર તા. ૩૦. નવેમ્બર, ગુજરાત રાજ્ય ના B.J.P. ના ઉપાધ્યક્ષ -જનકભાઈ એમ પટેલ (બગદાણા) માજી MLA કરંજ (સુરત) તેમના પરિવાર સાથે બેંગ્લોર પધાર્યા છે. જેની જાણકારી મળતાં બેંગ્લોર લાલબાગ સમાજમાં રહેતા ઉત્સુક સક્રિય યુવાન એવાં ભરતભાઈ સુરાણી (નખત્રાણા નવાવાસ) રાજકીય ઓળખાણથી જનકભાઈ ને પોતાના ઘરે સુરાણી નિવાસમા આવકારવામાં આવ્યા હતા.

લાલબાગ સમાજના હોદેદારોને જાણ કરીને તેમના ઘરે બોલાવ્યા હતા. લાલબાગ સમાજના પ્રમુખશ્રી રતિલાલ લધારામ ભાવાણી, મહામંત્રી નારાયણભાઈ નાકરાણી તથા મંત્રી પ્રેમજીભાઈ છાભૈયા ભરતભાઈ સુરાણી ના ઘરે પહોંચ્યા હતા.

સુરાણી નિવાસ મા પ્રમુખશ્રી દ્વારા જનકભાઈ બગદાણાનું સાલ અને પુષ્પહાર થી સન્માન કરવામાં આવ્યું હતું તથા હાલમાં કચ્છ મધ્યે કોટડા (જ.) મા બનેલી ઘટના ની જાણકારી આપી હતી.

અને જનકભાઈ એ ત્યાં જ ગુજરાત ના હોમ મિનિસ્ટર હર્ષભાઈ સંઘવી તથા કચ્છ ના સાંસદ એવાં વિનોદભાઈ ચાવડા સાથે ફોન ઉપર વાત કરી ને આપણને સહયોગ આપવાનું આશ્વાસન આપ્યું હતું.

સામાજીક અને અન્ય બાબતો ઉપર ચર્ચા ઓ કરી હતી. લાલબાગ સમાજ ના પ્રમુખ ના કહેવા પ્રમાણે જનકભાઈ નો સ્વભાવ મિલનસાર તથા સાદગી સભર છે તેમની સાથે વાતચીત મા અમોને બિલકુલ સંકોચ થયો નહીં. સમય ઓછો હોવાથી સમાજ ભવનમાં ન આવી શક્યા. ત્યાર બાદ જનકભાઈ ના પરિવાર સાથે અલ્પાહાર બાદ છુટા પડ્યા હતા.

ભરતભાઈ સુરાણી ખરેખર રાજકીય ક્ષેત્રે આગળ વધે એવી આપણે સૌ મા ઉમિયા તથા ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ તેમને શક્તિ પ્રદાન કરે એવી પ્રાર્થના કરી એ.

સંયોજક વસંતભાઈ ગોરાણી ઉડપી

WORLD AIDS DAY
૧ ડિસેમ્બર આજે
વિશ્વ એડ્સ દિવસ

www.jeevansparsh.com

- Corporate Club Member - LIC OF INDIA
- TOT, COT & MDRT (USA) Qualifier Member Since 2002
- Life Member of MDRT (USA)
- "Area Chair for Central INDIA" of MDRT MCC Committee

BRIJESH PATEL
INSURANCE & INVESTMENT CONSULTANT

Insurance Planning | Wealth Management | Prudent Advice | Technology Enabled

All above, with best in class servicing

LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA
Qualifying & Life Member MDRT®

JEEVAN SPARSH
E-73 Sector-I, Devendra Nagar, Raipur (C.G.), Tel. : 0771-2524774, 4044774
Mob. : 94252 04774, 95841 47000, E-mail: jeevansparsh@gmail.com,
सही सलाह हर बार...

નખત્રાણામાં સમસ્ત હિન્દુ સમાજ આયોજિત આપણી સાથે થતાં અન્યાય સામે મહામૌનરેલી

તા. ૨૫/૧૧/૨૧ ને ગુરૂવારે રાત્રે કોટડા-જડોદર મુકામે હિન્દુ સમાજના લગ્ન પ્રસંગ વખતે અમુક અસામાજિક તત્વો દ્વારા ટોળાં સ્વરૂપે હિન્દુ યુવાનો પર કુહાડી જેવા ધાર-દાર હથિયાર વડે જીવલેણ હૂમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી જેમાં એક યુવાન અત્યારે પણ નાજુક હાલતમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, આ હુમલો માત્ર એક જ્ઞાતિ પર નહિ પરંતુ **સમસ્ત હિન્દુ સમાજ** પર છે, અને સામે પક્ષે મોટી સંખ્યા માં અંદાજિત ૩૫૦ થી ઉપર આપણા નિર્દોષ યુવાનો ઉપર ખોટી કલમો લગાવી ને કેશ કરેલ છે અને પોલીસ દ્વારા આપણા કેટલાક યુવાનો ની અટકાયત પણ કરવા માં આવેલ છે તો સમગ્ર મુદ્દા ઉપર **યોગ્ય ન્યાય માટે અને નિર્દોષ યુવાનો ને ન્યાય અપાવવા હેતુ** થી તા. ૩૦/૧૧/૨૧, મંગળવાર ના નખત્રાણા પ્રાંત કચેરી (ડેપ્યુટી કલેકટર) ઓફીસે સવારે ૧૧-૦૦ કલાકે આવેદન પત્ર આપવામાં આવ્યું.

આ પ્રસંગે આઠ થી દસ હજાર જેટલી મોટી સંખ્યામાં ગામો ગામ થી હિન્દુ સમાજ ના ભાઈઓ અને બહેનો હાજર રહ્યા જેથી શાન્તિ સાથે સમસ્ત હિન્દૂ સમાજની એકતા તથા શક્તિ ના દર્શન થયા.આ આવેદન પત્ર આપવા સર્વે હિન્દુ સમાજ ના ભાઈઓ અને બહેનો બજરંગ ગ્રાઉન્ડ (બેરૂ રોડ) મધ્યે **સવારે ૧૦:૦૦ વાગે** એકત્ર થયાં, ત્યાંથી **મૌનરેલી** સ્વરૂપે નાયબ કલેક્ટર ઓફિસ માં જવાનું થયું તથા આવેદનપત્ર અપાયું.

આ ઘટના ની ગંભીરતા સમજી ને પોતાની ફરજ છે એમ માની ને દરેક હિન્દુ સમાજના ભાઈ, બહેનો બહોળી સંખ્યા માં **મૌનરેલી** માં હાજર રહેવા ની સંગઠન ની અપીલ ને માન આપી પધારેલા સર્વે ભાઇ બહેનો ને સાભાર ધન્યવાદ પાઠવી વિસર્જન કરવામાં આવ્યું. જય હિંદ, જય શ્રી રામ

અભી નહિ તો કભી નહિ સુત્ર માની સર્વે હિન્દૂ ભાઈઓ બહેનો પોતાનો વ્યવસાય વેપાર ખેતી મજૂરી બપોર સુધી બંધ રાખી ને આ રેલી માં જોડાયા હતા જે ઐતિહાસિક ઘટના બની સાથે સાથે નખત્રાણા તાલુકાના કાર્યાલય માટે પણ સંખ્યા તથા શાન્તિ માટે દાખલા રૂપ બની છે.

આ પ્રસંગે મોટી સંખ્યામાં હાજર મહાનુભાવોએ પ્રાંત અધિકારી સાહેબ ને આવેદનપત્ર આપ્યું.

મોટી જનમેદની ની હાજરી અને લાગણી જોઈને પ્રાંત અધિકારી શ્રી ડો. મેહુલ બરાસરઃ સાહેબ બહાર મેદની સમક્ષ આવેદનપત્ર સ્વીકારવા આવ્યા તથા ન્યાયિક પ્રક્રિયા ઝડપી તથા યોગ્ય કરવાની ખાતરી આપેલ.

હાજર મહાનુભાવો માંઃ-

૧. અબજીભાઈ ની.કાનાણી પ્રમુખશ્રી અ ભા ક ક ના.સમાજ તથા હોદેદારો અને સભ્યો.
૨. પ્રવિણભાઈ ધનાણી. સહમંત્રી. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન. વાંઢાય તથા તેમની ટીમ.
૩ માવજીભાઈ છાભૈયા.સહમંત્રી.સંસ્કાર ધામ, દેશલપર તથા ટીમ.
૪ ડો શાન્તિલાલ એમ.સેંઘાણી.સામાજિક આગેવાન.
૫. ઈશ્વરભાઈ એમ. ભગત.સામાજિક આગેવાન.
૬. રતનસીભાઈ ભીમાણી. પ્રમુખશ્રી, પશ્ચિમ કચ્છ સમાજ.
૭. છગનભાઈ ધનાણી. મહામંત્રીશ્રી પશ્ચિમ કચ્છ સમાજ. તથા હોદેદારો સહિત ટીમ.
૮. આર એસ એસ પશ્ચિમ કચ્છ સંઘ સંચાલક હિમ્મત સિંહજી. તથા ટીમ.
૯. રવજીભાઈ ખેતાણી.
૧૦. નિ.હિ.પ. ના જીગ્નેશ ભાઈ તથા લક્ષ્મણસિંહ સોઢા તથા ટીમ.
૧૧. મમ્મુભાઈ રબારી. યુવા હિન્દુ સંગઠન. તથા ટીમ.
૧૨. શાન્તિ લાલ નાયાણી. અ ભા.ક.ક.પા. યુવાસંઘના પ્રમુખશ્રી પશ્ચિમ કચ્છ ઝોન તથા ટીમ.
૧૩. મુકુન્દદાસ ભગત, બિબર આશ્રમ તથા અન્ય સંતો.
૧૪. ચંદુભાઈ રૈયાણી. વિ.હિ.પ..
૧૫. વાલજીભાઈ લીબાણી. મંત્રીશ્રી જીલ્લા કિસાન સંઘ.
૧૬. શિવદાસભાઈ કેસરાણી.

કિસાન સંઘ પ્રમુખશ્રી વગેરે નાની મોટી સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા.મહાનુભાવો દ્વારા તાત્કાલિક પગલાં લઈ નિર્દોષ હિન્દુઓ ને છોડવા અનુરોધ પણ કરાયો. સરકારી કાર્યવાહી થી સંતોષ નહીં થાય તો બે દિવસ બાદ જિલ્લા વ્યાપી કાર્યક્રમો અપાસે એ પણ જણાવ્યું હતું.સર્વે હિન્દુ જ્ઞાતિજનો ની મોટી સંખ્યામાં હાજરી બદલ પ્રમુખશ્રી એ ધન્યવાદ પાઠવ્યા.

-સંયોજક : કાંતીભાઈ રામાણી, કોટડા (જડોદર).

અભિમાન અને જૂઠની
હંમેશા જુગલબંધી હોય છે.
બન્ને એકબીજાના પૂરક બનીને
માનવીને વિનાસ તરફ
લઈ જાય છે.

આજનું આચમન
કારતક વદ ૧૨, વિ. સંવત ૨૦૭૮,
બુધવાર, તા. ૧.૧૨.૨૦૨૧

શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન-સંસ્કારધામ,
દેશલપર-કચ્છ